# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૫ અંક : ૧૭૮

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**અરવિંદ કેશવજી છેડા**
ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬
મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ–સંપાદકો
**હંસકુમાર સાયલા**
ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**
ફોન : ૬૬૪૬૮૬૧૭, ૯૨૪૬૧૮૮૬૧૭

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩–૫–૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
www.asanjokutch.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત – રૂ. ૧/–


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

જીવનમાં ઉમંગ, ઉત્સાહ અને હર્ષ ભરી દે એવો આનંદદાયક હોળીનો તહેવાર, આપણે સ્વજનો, મિત્રો, અડોસી–પડોસી સાથે બાળકોથી વયસ્કો સુધી સહુ ભેગા મળી, ઘર આંગણે, બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં કે રીસોર્ટમાં રંગે ભીંજાઇને માણ્યો.

કચ્છમાં હોળી પર્વ ઘણીજ આનંદ અને પ્રેમભરી ખુમારીથી ઉજવાય છે. ગામનાં પાદરે યોજાતી ખેલકૂદની, રમતસ્પર્ધા, અશ્વ અને બળદગાડાની શરતદોડ, વિજેતાઓને સરપાવ, ફેંટા કે પાઘડીથી સન્માન, સાથેજ, બાળકો માટે ઘાણી, રેવડી, પતાસા, રંગીન હુરડા અને ગળ્યા સાટાની લહાણી, આ ઉત્સવના રંગીન હિસ્સા છે.

દસમા અને બારમા ધોરણની મહત્વની પરીક્ષાઓ શરૂ થઈ છે. ઉચ્ચ વર્ગની પરીક્ષાઓ, પાછળજ આવી રહી છે. ખૂબ જહેમતભરી પૂરી તૈયારી સાથે પરીક્ષા આપી હોય, છતાંય, ધાર્યા પરિણામ ના મળે, તો પણ, ધીરજ ધરી, હિંમત અને વિશ્વાસ કાયમ રાખશો. જીતની તક અને ફતેહના મોકા, હર કદમ પર મળશે. અમૂલ્ય માનવજીવનને ધન્ય બનાવો.

શાંતિવન સમિતિનાં મુસાયરાએ, ખરોજ રંગ રાખ્યો, સફળતાના સીલસીલાનો ગુલાલ છૂટે હાથે વેર્યો. આખાય કાર્યક્રમને દિલથી દાદ આપી મનભરીને માણ્યા માટે સૌને ધન્યવાદ. કાર્યકર્તાઓની સૂઝ, સમજ અને દક્ષતા માટે હાર્દિક અભિનંદન.

સમાજમાં પોતાની યોગ્યતા, ટેલેન્ટને યથાશક્તિ રજૂ કરવા અવસરની ઈવેન્ટની રાહજોતાં જાણે કેટકેટલાં હાથ તૈયાર અને તત્પર છે.

આપણી ઉભરતી પેઢી માટે હર નવી સવાર, ઉજળા ભવિષ્યની નવી રાહ ઉજાગર કરશે. એ વિશ્વાસ સૌનાં દિલોદિમાગમાં ચુસ્ત વસી ગયો છે.

**આ મહિનાની ડાયરી**
**માવજત સમિતિ**
**''નિર્સગ સાથે અનુભવ''**
**રવિવાર તા. ૨૧–૩–૨૦૧૦ સાંજે ૪.૦૦ કલાકે**

# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

વિચારો નિષેધાત્મક હોય એના પરિણામે ઉભી થતી અવ્યવસ્થાને હકારાત્મક અને પ્રસન્ન સ્વભાવથી દરેક અવ્યવસ્થાને સરળતાથી સુધારી શકાય. સંસ્કારોનું મુલ્ય, સારા સ્વભાવની માવજત, સંબંધોમાં મિઠાસ અને આદર્શ આચાર સંહિતાએ અમુલ્ય પ્રસાદી છે. સમાજ સેવાની ભાવના માત્રથી સમાજ સેવક નથી બનાતું. સૌ પ્રથમ પ્રેમનો, મૈત્રીનો, સદ્‌ભાવનાનો, લાગણીનો, મધુરતાનો સંબંધ બનાવવું જરૂરી છે. પૈસાની તાકાતથી સમાજ સેવક બનવું અને સમાજને બાપુકી મિલ્કત સમજવી એટલે કર્મોનો ભારો બાંધવા બરાબર છે. કર્મોમાં ભાગીદારી કે લેણદેણ સંભવીત નથી.

દરેક વ્યક્તિએ પોતાનો કર્મો પોતેજ ભોગવવાના હોય છે. ખાલી હાથે જવાનું છે તો પછી ભાવના શુધ્ધ રાખી સારા સંસ્કારો દ્વારા અન્ય ને સારી પ્રેરણા પ્રાપ્ત થાય તે રીતે સેવા કરવી યોગ્યતા છે. ક્યારેય કોઇના પણ પ્રત્યે વેરા–અંતરાનો ભાવ રાખવો એ કોઇના માટે પણ લાભદાયી નથી. તો પછી શા માટે મોટું દિલ રાખી, પોતાનું જતું કરી, સામેની વ્યક્તિનો આદર ન કરવો ? જીવનમાં પ્રગતિ સાધવા માટે પ્રતિકુળતા અનિવાર્ય છે. સૌની સાથે ઉદારતાથી વર્તન કરો, પ્રેમથી બોલો, કોઇને ખરાબ લાગે તેવું ન કરવું. સેવા માનવીનો મોટો ગુણ છે. સેવાથી એક બિજાની નજીક આવી શકાય છે. સેવા કરવાથી આત્મસંતોષ થાય છે. સેવા કરવામાં સ્વાર્થની ભાવના નહીં રાખવી જોઇએ. "મેં" અને "હું" એ બન્ને તમામ ગુણોનો નાશ કરનાર ઝેર છે. મેં લાખોના દાનકર્યા, હું જ હમેંશા સત્તા ઉપર રહું, હું જ આ કાર્ય કરી શકું, મેં જ આ કાર્ય કર્યું, આ દુષ્ટ મનના ભાવ છે. દુષ્ટ મન દુશ્મનો ઉભાકરે, કારણ કે દુષ્ટ મન જ પોતાનો દુશ્મન છે. માટે પ્રેમમય વ્યક્તિ બનો, કોઇના સદગુણોં લૂટતાં શીખો.

દરેક સ્થિતિમાં સમભાવ રાખો. સમભાવ રાખનાર મનુષ્ય માટે કોઇ શત્રુ હોતો નથી. વાણી મિઠી અને શબ્દો કડવા, પૈસા અઢળક પણ ઘમંડ એટલોજ. સમાજ સેવાની ભાવના સુંદર પણ સુંદરભાવ પાછળ શું શું છુપાયેલું છે ? નક્કી કરો સમાજ સેવા સંન્યાસીની જેમ અલિપ્ત ભાવથી કરીશ, પવિત્ર ભાવથી કરીશ, કોઇ પણ પ્રકારની અપેક્ષા વગર કરીશ, આદર્શ જીવન જીવવાની આ એક માત્ર કળા છે–ઉપાય છે. સ્વને ઓળખવાની અમુલ્ય ચાવી છે. નિષ્કપટ વ્યવહાર કરો. જે કાર્ય બિજાથી છુપાઇને કરવામાં આવે તો અવિશ્વાસ પેદા થાય. વિશ્વાસ ને ઠેસ લાગે. અવિશ્વાસથી શંકાઓ ઉભી થાય છે. વિશ્વાસ તૂટયો તો મનુષ્ય પ્રતિશોધની ભાવનાથી મુક્ત ન રહી શકે. આ મારૂ શું બગાડી લેશે ? આવું વિચારીને કોઇને પણ પાડવાનો પ્રયત્ન કરવો તે જીવનની અસફળતા ના બિજ વાવવા બરાબર છે. પોતાને વધુ સમજદાર માનવાની ભૂલ કયારેય ન કરશો. પોતાની વૃતિઓ અને પ્રવૃતિઓનું અવલોકન કરી સમગ્ર સમાજ માટે આદર્શ બની શકોછો.

માનવ જીવનની સૌથી મોટી મજા એકબિજા સાથે સંબંધોમાં રહેલી હોય છે. સંબંધોમાં ઉષ્મા, પ્રેમ અને આત્મયિતાની અનુભૂતિ થાય ત્યારે મનુષ્ય તમામ દુર્ગુણો થી મુક્ત થઇ જાય.

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*

**PREETI PHARMA**

**INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.**

**PHONE : 6553 3588, 6558 6970.**



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

ફેબ્રુઆરીનો ટૂંકો મહિનો પસાર થઇ ગયો, અને માર્ચ મહિનો શરૂ થઇ ગયો. બાળકોની સાથે સાથે વાલીઓ પણ પરીક્ષાઓની ગળાડૂબ તૈયારીઓમાં લાગી ગયા છે. દસમાં તથા બારમા ધોરણની પરીક્ષાઓની શરૂઆત થઇ ગઇ છે.

આપણી ક્રીકેટ ટીમ મુંબઇ જઇ આવી. ત્રણ મેચોમાંથી એકમાં ફતેહ મેળવી ભવિષ્યમાં વધારે સારા પરિણામનાં પ્રયત્નો કરવા રહ્યા. સર્વ ખેલાડીઓને અભિનંદન.

તા. ૨૫–૨–૨૦૧૦નાં કારોબારીની સભા યોજાઇ.

તા. ૨૮–૨–૨૦૧૦નાં શાંતિવન સમિતિ દ્વારા મુશાયરાનો કાર્યક્રમ યોજાયો, જેનો આનંદ સંગીત–પ્રેમીઓએ રાત્રે બે વાગ્યા સુધી માણ્યો. સંજોગોવસાત્ જેઓ ન આવી શક્યા, તેઓને ચૂકી ગયાનો કદાચ અફસોસ થશે. બહારનાં કલાકારો સિવાય આપણાં સમાજના પણ કલાકરોએ સાથ પૂરાવ્યો. એ હતા શ્રી પ્રતાપભાઇ, શ્રી મહેન્દ્રભાઇ, શ્રી તારાચંદભાઇ તથા શ્રીમતી રશ્મિબહેન. સર્વને અભિનંદન. આપણાં સમાજમાં અન્ય એવા કેટલાક કલાકારો જરૂર હશે જેઓની કલા–પ્રતિભાની આપણને ઓળખ ન હોય. આવા કાર્યક્રમોમાં ભાગ લઇ આગળ આવવા સર્વને વિનંતી.

પરીક્ષાઓ, ઊનાળુ વેકેશન અને ત્યાર પછી લગ્નોની મોસમ બાદ નવા કાર્યક્રમો યોજાશે.


આપણાં સમાજનાં ૯૯ ટકા સભ્યો ચક્ષુદાન કરે છે, એ આપણાં માટે ગૌરવની વાત છે. એવીજ રીતે રક્તદાન પણ વધુને વધુ થાય એ ઇચ્છનીય છે. એકવાર રક્તદાન કર્યા પછી ૩/૪ મહિના પછી ફરી રક્તદાન થઇ શકે છે. એવી પણ કેટલીક વ્યક્તિઓ છે, જેઓ ૫૦ થી ૧૦૦ વાર રક્તદાન કરી ચુકયા છે. આપણાં યુવાનો પણ આવા કાર્યક્રમોમાં ભાગ લઇ શકે છે. રક્તદાન કર્યા બાદ એનાં ઘણાં પરિક્ષણો થાય છે. કોઇ ક્ષતિ જણાય તો તેની જાણ રક્તદાતાને કરવામાં આવે છે, જેથી સમયસર ઉપાયો થઇ શકે. ૧૮ થી ૬૦ વર્ષની ઉંમર સુધીનાં ભાઇ–બહેનો આનો લાભ લઇ શકે છે.

આપણાં ભવનની સુંદરતા, વ્યવસ્થા તથા અમુક પ્રવૃત્તિઓથી પ્રભાવીત થઇ કેટલીક વ્યક્તિઓ સ્વેચ્છાદાન પણ કરે છે, એ આપણાં સહુ માટે ખૂબજ આનંદની વાત છે. એક મહાનુભાવે વિવિધ પ્રવૃત્તિઓ નિમિત્તે રૂા.૨૦,૦૦૦/–નું સ્વેચ્છાદાન કર્યુ છે, જેમનો ખૂબ ખૂબ આભાર.

નીચે મુજબનાં અનુદાનો પ્રાપ્ત થયા છે.

૧) ૫૫૫૧/– ચિ. ખુશ્બુ મનોજ શાહ, ગોધરા (મુંબઇ) લગ્ન પ્રસંગે

૨) ૨૦૩૦૦/– એક સદ્ગૃહસ્થ તરફથી (લગ્ન પ્રસંગે) જુદી જુદી પ્રવૃત્તિઓ માટે.



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪–૪–૨૨૮, ઇન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬ ૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા. ક્ર. S-1157, Aug.09)



## સહ મંત્રીશ્રીનો અહેવાલ


સહમંત્રી : શ્રી પ્રેમચંદ કેશવજી છેડા

સૌના સાથ સહકારથી આપણી સંસ્થાનું કાર્ય સુચારૂ રૂપથી ચાલી રહ્યું છે. આપણા ભવનનો ઉપયોગ આપણાજ સભ્યોના શુભ પ્રસંગો ધાર્મિક પ્રસંગો તેમજ અનેકવિધ પ્રોગ્રામ માટે વધુને વધુ કરતા રહે તેવી ભાવના રાખીએ.

સંસ્થા આપ સૌના સહયોગથી જ સુદૃઢ અને સંગઠીત રહી શકે છે. સમાજ વગર વ્યક્તિ નથી અને વ્યક્તિ વગર સમાજ શક્ય નથી. તન–મન–ધનથી આપ સૌનો સહકાર મળે છે અને ભવિષ્યમાં પણ મળતો રહેશે તે નક્કી જ છે. સ્વસ્થ આચાર–સંહિતા અને દૃઢ વિશ્વાસ એ સફળતાની સીડી છે.

સમાજના બધાજ પદાધિકારી તેમજ કાર્યકારીણીના બધાજ સભ્યો પોત–પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. સૌનો સાથ સહકાર પરસ્પર સૂમેળથી સમાજ સફળતાના સોપાન સર કરશે.

"નિયાંપો" માટે આપ સૌના સૂચનો–લેખો મોકલવા આવ્યશ્યક છે. જેથી કોઇ પણ ક્ષતિ–ભૂલને સુધારી શકાય.



## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહસંચાલક : દામજી માવજી સાવલા

મન્નાડે, મોહમ્મદ રફી, લતા મંગેશકરના જુના જમાના ના ગીતો વચ્ચે શ્રી પ્રતાપભાઇ લોડાયાના 'માં તોજે હથજી માની મીઠી પૈ લગે, આ કચ્છી ગીત અને કચ્છી ભાષામાં એમને મળેલ દાદ એ જીઓ–જીઓ, વાહરે મુજા લાલ, ઘણી ઘણી ખમ્માથી વાતાવરણ રંગીલો બની ગયો. તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૦ની રાત એક યાદગાર રાત બની ગયી. સંગીતના રશિયાઓ આ સંગીતમય વાતાવરણમાં તરબોળ બની ગયા. સાથે પ્રેક્ષક વર્ગને પત્નિ–પીડીત પતિની વ્યથા જ્યારે શ્રી તારાચંદભાઇ ધરોડે સંભળાવી ત્યારે ગમ–દિલ બનવાના બદલે ખુશહાલીનો વાતાવરણ સર્જેલ. રાતના ૨.૩૦ વાગે સુધી કચ્છી ભવન સંગીતથી ગુંજતો રહયો. સમાજના માનદ્ મંત્રી, મેનેજીંગ ટ્રસ્ટી તથા અન્ય પદાધિકારીઓ સહપરિવાર હાજર રહી શોભામાં અભિવૃધ્ધી કરેલ. ભવિષ્યમાં પણ સભ્યોનું આવોજ પ્રોત્સાહન મળતો રહેશે તો આવાજ સુંદર આયોજનો કરવામાં સુગમતા રહેશે.

રૂા. ૭૦૦૦/– ચિ. સંદીપ કુલીન સોનીનાં શુભ લગ્ન પ્રસંગે શાંતિવન સમિતિને સપ્રેમ ભેટ મળે છે.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458
(R) 6613 3650

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL &
SWARAJ MAZDA (16, 19, 24 SEATERS), SEMI DELUX BUSES (35, 40, 52, 55 SEATERS)
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

મૂઠીભર અનાજ યોજના હેઠળ ૨૭મી જાન્યુઆરીના સાધના આશ્રમના કાર્ય સફળ રહયા બાદ, મહાવીર જયંતીના દિવસે માનવ સેવા સંઘ સાથે મળી છાસ વિતરણનું આયોજન કરેલ છે. ઉનાળાના દિવસોમાં મીઠી મધુર છાસ ઘણી ઠંડક આપે છે. આ માનવ સેવા કાર્યમાં એક દિવસનાં ખર્ચ પેટે રૂ. ૪૦૦૦/– રાખવામાં આવેલ છે. છાસ વિતરણ યોજનામાં જે ભાઈઓને લાભ લેવો હોય અથવા વધારે માહીતી જોઈતી હોય તો શ્રી હિતનભાઈ સંઘોઈ ને સેલ નં. ૯૮૪૯૧ ૬૪૨૨૧માં માહિતી લઈ શકો છો.

**આશ્રમ માટે દાન**

રૂા.૨૫૦૦/– શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈ
રૂા.૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ ચિ. રીયા–યાના જન્મ દિન નિમિત્તે
રૂા. ૫૦૦/– સ્વ. સોમચંદ લખમસી નાગડાના સ્મર્ણાર્થે હઃ શ્રી પ્રફુલ્લ સોમચંદ નાગડા
રૂા. ૩૦૧/– શ્રી કિર્તિકુમાર અમિચંદ વોરા (પત્રી) તરફથી પૌત્ર જન્મ ખુશાલી પ્રસંગે
રૂા. ૨૫૦/– શ્રીમતી દિપા દિપેન દામજી સાવલા પુત્રના જન્મ નિમિત્તે

**ગૌશાળા માટે દાન**

રૂા.૨૫૦૦/– શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈ
રૂા.૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ ચિ. રીયા–યાના જન્મ દિન નિમિત્તે
રૂા. ૫૦૧/– શ્રી હેમંત દિનેશ વોરા
રૂા. ૫૦૦/– શ્રીમતી દિપા દિપેન દામજી સાવલા પુત્રના જન્મ નિમિત્તે
રૂા. ૫૦૦/– સ્વ. સોમચંદ લખમસી નાગડાના સ્મર્ણાર્થે હઃ પ્રફુલ્લ સોમચંદ નાગડા

**હોસ્પિટલ માટે દાન**

રૂા.૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ ચિ. રીયા–યાના જન્મ દિન નિમિત્તે
રૂા.૧૦૦૦/– સ્વ. વૃજલાલ ચુનિલાલ શાહનાં સ્મર્ણાર્થ હઃ ગીતાબેન જયંત ગોસર
રૂા.૫૦૦/– સ્વ. સોમચંદ લખમસી નાગડાના સ્મર્ણાર્થે હઃ શ્રી પ્રફુલ્લ સોમચંદ નાગડા
રૂા. ૨૫૦/– શ્રીમતી દિપા દિપેન દામજી સાવલા પુત્રના જન્મ નિમિત્તે
રૂા. ૨૫૧/– એક સદ્ગ્રહસ્થ તરફથી

**માનવ મિત્ર સમિતિને નીચે મુજબ ભેટ મળેલ છે.**

રૂા.૫૦૦૦/– એક સખી દાતા તરફથી
રૂા.૧૧૦૦/– સ્વ. સોમચંદ લખમસી નાગડાના સ્મર્ણાર્થે હ : શ્રી પ્રફુલ્લ સોમચંદ નાગડા

સ્વ. પાસુભાઈ વાલજી સાવલાના સ્મર્ણાર્થે એક 'AIR BED' શ્રી રમેશ પાસુભાઈ સાવલા તરફથી ભેટ મળેલ છે.

ઉપરના સર્વે દાતાઓનું આભાર

મૂઠીભર અનાજ યોજના હેઠળ ગત માસમાં ૩૨૫ કિલો ચોખા તથા ૨૦ કિલો દાળ પ્રાપ્ત થયા હતા જેનું વિવિધ આશ્રમમાં વિતરણ થયેલ છે.

**અવસાન નોંધ :** સ્વ. સોમચંદ લખમશી નાગડા, ગામ જખૌ – અંતિમક્રિયા–પ્રાર્થના માટે માનવ મિત્ર સહાયરૂપ થયા હતા.

**અમારા પરિવારના શ્રી કીર્તિભાઈ ખીમજી ગડા (સાભરાઈ)ના અવસાન પ્રસંગે અંતિમ યાત્રા તથા પ્રાર્થના સભાના આયોજન માટે માનવ મિત્ર સમિતિનું આભાર.**

(જા.ખ.S-2980) – ગડા પરિવાર



## રમત-ગમત સમિતિ

સંચાલક : મનીષ એમ. સાવલા
ફોન : ૯૩૯૧૦ ૨૪૧૦૮

Our team which played the Navneet Cup Cricket Tournament in Mumbai Performing, competitively won one match and lost two matches.

The K.V.O. Seva Samaj, Mumbai was very helpful specially, Sri Lux Jain, Sri Manish Gala, Sri Prakash Vora and Sri Tusharbhai gave us excellent facilities thanks to them. From our team Manthan Shah, Sanchit Gala, Yash Gada, Played well. Finally thanks to main sponsors of the tour Sri Prafulbhai Gogri, Deepakbhai Gogri and thanks to Manikantbhai Momaya for their Dinner packs during our train journey.

**આવી ગયા નવા ચોખા**

*નિઝામાબાદની પ્રખ્યાત રાઈસ મિલ*

**શ્રી ગજાનન્દ ઇન્ડસ્ટ્રીઝ**

*ઉચ્ચતમ ગુણવતા ધરાવતા તેમજ કામ્પ્યુટરાઈઝ મિલ થી સોટેક્સ કરેલ આકર્ષક ૨૫ કિલો પેકિંગમાં*

**અંબામોડ, લચકાદી કોલમ, એમ.એમ.ટી., સોનામસુરી, બોઈલ્ડ, બધાજ ક્વોલીટીના જુના તથા નવા ચોખા આવી ગયા છે.**

**શ્રી કેશર માર્કેટિંગ**

**ગોલ્ડન ઈન્ટરપ્રાઈઝ**

૧૮૮, શ્રી કૃપા માર્કેટ, મહબુબ મેન્શન, મલકપેટ, હૈદરાબાદ.

ફોન. ૨૪૫૫ ૨૮૦૦, ૨૪૫૫ ૨૦૦૦, ૬૫૯૯ ૪૯૪૯.

(જા.ખ.H-2924)

**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ**

Ph : 6564 1868
90007 98770

**(ગુજરાતી મહારાજ)**

**શ્રી સત્યનારાયણની કથા, ગ્રહ પ્રવેશ, લગ્ન વિધિ, રાંદલ માતાના લોટા, નક્ષત્ર શાંતિ, શ્રાધ્ધકર્મ, જન્મકુંડલી, મેળાપક તેમજ બધા પ્રકારની પાઠ પૂજા તથા ભાગવત સપ્તાહ માટે**

Bharati Nilayam, 3-2-186, Sunargalli, 3rd Floor, Near Lord Shiv Temple,
Nimboliadda, Kachiguda, Hyderabad 500027.

(જા.ખ.Q-1603)

# સમાજ દર્પણ

**પુત્ર જન્મ**

| | | | |
|---|---|---|---|
| ૧) | અ.સૌ. અવની ધવલ વસંત દામજી વોરા | નવિનાર | હૈદરાબાદ |
| ૨) | અ.સૌ. ભાવીની નિલેશ પ્રવિણ મેઘજી કારાણી | હાલાપર | હૈદરાબાદ |
| ૩) | અ.સૌ. અપેક્ષા આશિષ કિર્તિકુમાર વોરા | પત્રી | હૈદરાબાદ |
| ૩) | અ.સૌ. દીપા દિપેશ દામજી ડુંગરશી સાવલા | બેરાજા | હૈદરાબાદ |

**સગપણ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ગૌરવ રમેશ ખીમજી ગાલા | દેશલપર | હૈદરાબાદ |
| | ચિ. બીજલ મહેશ રામજી દેઢીયા | ગુંદાલા | મુંબઈ |

**શુભ લગ્ન**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. સચિન ભરત પદમશી મોતા | કુવાપધર | હૈદરાબાદ |
| | ચિ. ખુશ્બુ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | મુંબઈ |
| ૨) | ચિ. સંદિપ કુલીન સોની | વાંકુ | હૈદરાબાદ |
| | ચિ. વિરતી મણીલાલ મોતા | વારાપધર | સાંગલી |
| ૩) | ચિ. હિતેશ હિરાચંદ ટોકરશી લોડાયા | રાપર ગઢવારી | હૈદરાબાદ |
| | ચિ. ખુશ્બુ દિલીપ રતનશી દંડ | સાંધવ | હૈદરાબાદ |
| ૪) | ચિ. લહેર દેવચંદ કુંવરજી ગાલા | બાડા | હૈદરાબાદ |
| | ચિ. હિના રામનારાયણ ગુપ્તા | છીંદવાડા | |

**નવા ફોન નંબર :** નવિન મણીલાલ ધરોડ (ઓ.) ૨૩૪૪ ૦૮૩૦, મો.) ૯૪૯૦૨ ૬૦૧૭૦

**સરનામામાં ફેરફાર :** ૧) મણીલાલ રામજી ધરોડ, ૧૦૧, પંચરત્ન એપાર્ટમેન્ટ, ૪-૧-૧૦, રામકોટ, હૈદરાબાદ ૫૦૦ ૦૦૧. ફોન. ૬૫૩૪ ૮૮૦૯, ૯૨૯૧૦ ૦૨૬૬૯.

૨) જીતેન્દ્ર રાયશીભાઈ ગડા, ૨૦૩, નાથ ઈન્દ્રપ્રસ્થ, ત્રીજે માળે, રિલાયન્સ ફ્રેસની ઉપર, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન. ૨૪૬૫ ૧૧૩૦

**અભિનંદન :** ચિ. મિતિકા સુપુત્રી શ્રીમતી નીતા જીતેન્દ્ર કાંતીલાલ પારેખ B.A. Mass Communication માં ૯૨% માર્કસ મેળવી પ્રથમ શ્રેણીમાં પાસ કરેલ છે અને શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર, મુંબઈ તરફથી તેમને બેસ્ટ સ્ટુડન્ટ ૨૦૦૯ માટે સન્માનિત કરેલ છે. શ્રી કચ્છી મિત્ર મંડળ વતી તેમને અભિનંદન.


## ફ્લેટ વેંચવાનો છે

બે બેડ રૂમ, હોલ, કીચન (2BHK)

કલ્પતરૂ એપાર્ટમેન્ટ, ૧લે માળે, ઈડન બાગ, રામકોટ, હૈદરાબાદ.

સંપર્ક : **જયેન્દ્ર મહેતા – ૯૨૪૬૫ ૩૮૬૪૧.** (જા.ખ.)

# સંસ્થા સમાચાર

✻ **દેઢિયા ભાવિકોની પહેડી** પૂજ્ય મામલમાતાને નમતા દેઢિયા નુખના ભાવિકોની પહેડી તા. ૨૧–૩–૨૦૧૦ ના રવિવારના ૧૦.૦૦ કલાકે કચ્છી ભવન, એડનબાગ, રામકોટ મુકામે રાખવામાં આવેલ છે. સૌ ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીક ભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ સ્થળે લખાવવા વિનંતી. નિલગીરી, બડી ચાવડી, ફોન. ૬૬૫૬ ૫૭૮૮, ૯૨૪૬૨ ૦૨૧૨૦, હરેશ હેમરાજ દેઢિયા (સાવલા શોપી) બડી ચાવડી ફોન. ૯૨૪૬૧ ૯૪૪૦૫, ૬૬૬૨ ૧૮૧૧.

✻ **પૂજ્ય સચ્ચા માતાજી** ને નમતા ગડા નુખનાં ભાવીકોની સમુહ પહેડી રવિવાર તા. ૨૧–૩–૨૦૧૦ના સવારના ૯.૪૫ કલાકે શ્રી કચ્છી ભવન (બીજે માળે) રાખવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે ગડા નુખના ભાવિકો સહપરિવાર તેમજ નિયાણી બહેનો ને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે. નામ નોંધાવવા વિશેષ માહીતી માટે નીચે જણાવેલ ભાઈઓનો સંપર્ક કરવા વિનંતી. (૧) હરીશ લખમશી ગડા – ૯૨૪૬૩ ૪૫૪૦૪ (૨) મહેન્દ્ર પ્રેમજી ગડા – ૯૪૪૦૦ ૫૧૯૭૦ (૩) મયુર પોપટલાલ ગડા – ૯૨૯૦૮ ૬૫૯૯૧.

✻ **શ્રી ભલારાદાદાના સમુહ પાઠ** તથા પ્રસાદીનું આયોજન ચૈત્રી પૂનમ મંગળવાર તા. ૩૦ માર્ચ ૨૦૧૦ ગૌધુલી વેળાએ શ્રી કચ્છી ભવન, રામકોટ, મુકામે રાખવામાં આવેલ છે. સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવાર–કુવાપધાર તરફથી છે. સર્વે ભક્તોને સહ પરિવાર સાથે પધારી પાઠ, જ્યોત દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

✻ **લોડાયા નૂખ ના સચ્ચાઇ માતાની પેઢી** તથા પ્રસાદીનું આયોજન ચૈત્રી પૂનમ મંગળવાર તા. ૩૦ માર્ચ ૨૦૧૦ સવારના ૧૦ કલાકે થી શ્રી કચ્છી ભવન, રામકોટ, મુકામે રાખવામાં આવેલ છે. સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી શ્રી હીરાચંદ ટોકરશી લોડાયા પરિવાર–રાપરગઢવારી તરફથી છે. આ શુભ પ્રસંગે લોડાયા નુખના ભાવિકોને સહપરિવાર તેમજ નિયાણી બહેનો ને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

✻ **આં. પ્ર. કચ્છી વિસા ઓસવાલ સમાજ** દ.ભા. ક. વિ. ઓસવાલ જૈન એકમ દ્વારા યોજીત અને ચેન્નૈઈ ક.વિ. ઓ. સમાજના સાનિધ્યમાં ચેન્નૈઈથી લગભગ ૧૨૦ કી.મી. દૂર **'Adventure Zone'** રિસોર્ટ ખાતે તારીખ ૨૩ અને ૨૪ જાન્યુઆરી ૨૦૧૦ના યુથ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આં. પ્ર. સમાજ ના ૨૫ યુવક–યુવતીઓએ આ યુથ કેમ્પમાં ભાગ લીધેલ. સમાજ વતિ શ્રી મહેન્દ્ર ડી. વોરા અને શ્રી મેહુલ પી. છેડા યુવાઓ સાથે ગયેલ. અવનવી જ્ઞાનવર્ધક રમતો તેમજ અન્ય પ્રવૃતિઓ સાથે રહેવા અને ભોજન, સુંદર સગવડ સાથે આ યુથ કેમ્પ સફળ રહેલ. મુલુન્ડ ક.વી.ઓ. (મુંબઈ) દ્વારા આયોજીત જગતસુખ (મનાલી), બુગ્યાલસરાઈ (યમનોત્રી), કુલુ મનાલી તેમજ નાના બાળકો માટે મહાબળેશ્વરના ટ્રેડીંગ/એડવન્ચર કેમ્પમાં હૈદરાબાદથી લગભગ ૩૦ જણ જોડાયેલ છે. હૈદરાબાદ ખાતે કેમ્પની જાણકારી શ્રી અનીશ પી. છેડા સંભાળે છે. હાલ દરેક કેમ્પ ફુલ થઈ જતાં બુકીંગ બંધ કરવામાં આવેલ છે.

✻ હૈદરાબાદની સુપુત્રીઓ જે મુંબઈમાં પરણીને સ્થાઈ થયા છે. સૌ બહેનો વર્ષમાં ત્રણથી ચાર વખત મળે એ ઉદ્દેશથી તેઓએ મુંબઈમાં એક ગ્રુપની સ્થાપના કરેલ છે. વર્ષ દરમ્યાન પીકનીક તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન કરશે. વધુ વિગત માટે આ ગ્રુપના કાર્યકર્તાઓને સંપર્ક કરવા વિનંતી. (૧) સી.એ. શ્રીમતી પ્રીતી તીમલ મારૂ (સ્વ. ધીરજલાલ ગોવીન્દજી વોરાની સુપુત્રી) ગામ–માપર સેલ નં. ૦૯૮૨૧૫૩૪૬૬૩ (૨) શ્રીમતી મોના મયુર ગાલા – ગામ દેવપુર સેલ ૯૩૨૨૬૯૪૫૨૭ (૩) શ્રીમતી જ્યોતી અમિત ગોસર સેલ ૯૮૨૦૧૩૬૨૬૨. વડિલોને વિનંતી કે જેઓની સુપુત્રી મુંબઈમાં સ્થાઈ થઈ હોય તેઓને ઉપરોક્ત ગ્રુપની જાણ કરે.



*Hyderabad's Special*

**KRUNCH BRAND**
**JAIN FRUIT BISCUIT**

- *Fruit Biscuit*
- *Chocolate Cashew Biscuit*
- *Cashew Biscuit*
- *Tea Time Biscuit*

**Available at**

**GURUKRUPA ATITHI GRUH**
Bogulkunta, Hyderabad
Tel : 040 - 6451 9253

**A.P. SAREE CENTRE**
Chaitanyapuri, Hyderabad.
Tel : 040-24043267, Cell : 92463 73739

**Mfg. by : KRUNCH BAKERS,** Kachiguda, Hyderabad (A.P.)
**Mahesh Dedhia -** 092465 20802, 098850 61615

(જા.ખ. ...., Mar.10)


## ગડા ભાવિક પરિવાર

ગડા નુખનાં સચ્ચા માતાજી ને નમતા ભાવિકોની સમુહ પહેડી રવિવાર તા. ૨૧–૩–૨૦૧૦ સવારે ૯.૪૫ કલાકે શ્રી કચ્છી ભવનમાં બીજા માળે રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનો સજોડે થી પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**કાર્યક્રમ**

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ | સવારે ૯.૪૫ કલાકે |
| માતાજીના ભજનગીતની રમઝટ | સવારે ૧૦.૩૦ કલાકે |
| આવતા વર્ષની પહેડી માટેની વિગત | સવારે ૧૧.૩૦ કલાકે |
| માતાજીને પ્રસાદી જુવારવાનું | સવારે ૧૨.૦૦ કલાકે |
| માતાજીની આરતી ભાવિકો તરફથી (ચિઠ્ઠી દ્વારા) | બપોરે ૧૨.૩૦ કલાકે |
| માતાજી પ્રસાદી | બપોરે ૧.૦૦ કલાકે |

આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો (સજોડે) ને ભાવભર્યું આમંત્રણ છે. કાર્યક્રમમાં સમયસર પધારવા વિનંતી. (નોંધ શ્રીફળ લાવવાની પ્રથા બંધ છે.)

લી. **ગડા ભાવિક પરિવાર હૈદરાબાદ** ના જય જિનેન્દ્ર

હરીશ–૯૨૪૬૩ ૪૯૪૦૪, રાજેશ–૯૨૯૦૪ ૪૮૬૬૧, મહેન્દ્ર–૯૪૪૦૦ ૫૧૯૭૦, મયુર–૯૨૯૦૮ ૬૫૯૯૧.

(જા.ખ. ...., Mar.10)

☛ ALL MEDICINES AT WHOLESALE RATE
☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE
☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ

KAMALESH PHARMA

PHARMACEUTICAL DISTRIBUTORS

4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

Bhasker 6461 1701
Deepak 98490 17501
Anup 2475 7393

(જા. પ. H-2229)

## શ્રી ભલારા ભક્તી મંડળ હૈદરાબાદ

### મંગળવાર તા. ૩૦ માર્ચ ૨૦૧૦

પ્રતિ વર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી ભલારાદાદાના સમુહ પાઠ તથા પ્રસાદીનું આયોજન ચૈત્રી પૂનમ મંગળવાર તા. ૩૦ માર્ચ ૨૦૧૦ ગૌધુલી વેળાએ શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ મુકામે રાખવામાં આવેલ છે. આ વર્ષના સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવાર–કુવાપધાર હ : મે. અલ્કા માર્કેટીંગ તરફથી છે. સર્વે ભલારા ભક્તોને સહ પરિવાર સાથે પધારી પાઠ, જ્યોત દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

*વધુ વિગત માટે સંપર્ક*

શ્રી ગુલાબચંદ પદમશી મોતા ............. ૯૪૪૦૧ ૪૦૪૫૬
શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા .......... ૯૨૪૬૫ ૩૧૦૬૬
શ્રી જવેરચંદ માડણ દંડ .................. ૨૪૦૪ ૭૭૭૪
શ્રી હંસકુમાર રાયચંદ સાયલા ........... ૨૫૭૬ ૨૫૪૫, ૬૬૩૬ ૨૫૪૫

(જા. પ. 2998)

# વિવિધા

સંકલન : *વસંત પી. શાહ*

## કર્મની ગતી ન્યારી

એક માં પોતાના બાળકને લઈને મારી પાસે આવી. બાળક પાંચ-સાત વર્ષનું પણ જન્મથી જ એની કમર તૂટેલી. ન બેસી શકે, ન ચાલી શકે, જીવવું દુઃખ ભર્યું હતું. એની માં એ મને કહ્યું 'આ બાળકની આવી સ્થિતિ મારાથી જોવાતી નથી હવે હું શું કરૂં ? આમ બોલતાં આંખમાંથી આંસૂની ધાર છુટવા લાગી. મેં કહયું બેન ! આમ દુઃખી થવાથી કાંઈ વળવાનું નથી. આ તો પૂર્વના કર્મોનું ફળ છે. તમે કાંઈ પાછલા ભવમાં આ બાળક સાથે એવું કર્મ કર્યું હશે, હવે ભોગવવા સિવાય છુટકો નથી. બહેને પૂછયું : મેં એવું શું કર્મ કર્યું હશે કે બાળક આ રીતે અવતર્યું ? મેં કહયું હું બહુ જ્ઞાનિ પુરૂષ નથી, પણ એટલું જરૂર કહી શકું કે પાછલું ઋણ ફળ આપી રહ્યું છે.

કદાચ તમે પૂર્વભવમાં સાસુ રહયા હો અને આ બાળક તમારી વહુ બની હોય, અને તમે સાસુ તરીકે વહુની ખૂબ સેવા લીધી હશે. ખૂબ પગ દબડાવ્યા હશે, અને ત્યારે તમે ખુશ થતા હશો અને વહુની તમે ખૂબજ ઘણી સેવા લીધી હસે અને શોષણ કર્યું હશે. એટલે એ કર્મનું ઋણ આ જન્મમાં ઉદયમાં આવ્યું હોય.

બહેન તો બહુ હોશિયાર, મને પૂછયું કે આ બાળકે વહુ બનીને સેવા કરીને ? તો એની સેવાનું સારૂં ફળ એને મળવું જોઈએ ને ? આ ભવમાં આવી સ્થિતિમાં કેમ જન્મ્યો ? મેં કહ્યું, બહેન "કર્મની ગતિ ન્યારી" છે કર્મ મનના પરિણામથી બંધાય છે. કદાચ વહુ તરીકે પગ દબાવતાં દબાવતાં વિચારતી હોયે કે આ ડાકણ... પિંડ કયારે છૂટશે... સેવા લીધે જ રાખે છે.

સેવા ના ફળને કારણે મનુષ્યભવ બાંધ્યું પણ ખરાબ ભાવનાથી સેવા કરી એટલે ખોટ રહી ગઈ. આ વાત કેટલી સમજવા જેવી છે.

મનુષ્યના ભાવો જો વિકૃત થાય તો શું પરિણામ આવે. ભાવના શુધ્ધ રાખી જીવની ક્રિયા કરવી જોઈએ. નહીં તો સારા કામનું ફળ પણ ખરાબ આવે.

## આપ ભલા તો જગ ભલા

કોઈ પણ વસ્તુ સારી કે ખરાબ તેનો આપણે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના પર તેનો આધાર છે.

વસ્તુઓની પોતાની કોઈ શક્તિ નથી, એ આપણા મન દ્વારા સારી કે ખરાબ બને છે. માણસો પણ સારા કે ખરાબ તે આપણા સંબોધાપર આધારીત છે. "આપ ભલા તો જગ ભલા" બધાની સાથે સારા થઈને રહીએ અને બધાની સાથે સુમેળભર્યા સંબંધો રાખીએ તો સૌ સારા લાગે.

આપણી જીંદગી પત્તાની રમત જેવી છે, સંજોગો જેવા ઉભા થાય તેવા સ્વીકારવા સંજોગો આપણે પસંદ કરી શકતા નથી. સંજોગો જેવા ઉભા થાય તેવા સ્વીકારવા પડે છે. ઘણી વખત સારા સંજોગો હોય તો પણ બાજી હારી જવાય છે, કેટલીક વખત ખરાબ માં ખરાબ સંજોગોમાંથી માણસ બહાર નીકળીને બાજી જીતી જાય છે. જિંદગી ના પાના ગમે તેવા હોય, આપણે કેવી રમત રમીએ છીએ તેના પર તેનો બધો આધાર છે.

બિજાને સુખ આપવાથી આપણને સુખ મળે છે. બિજાના દુઃખમાં ભાગ પડાવવાથી દુઃખ ઓછું થાય છે. આ પ્રમાણે વર્તન થતું નથી. તેનું કારણ પણ એ છે કે આપણને સાચું જ્ઞાન નથી. અને સાચા સુખની અનુભૂતિ નથી. આપણે સુખ અને દુઃખ વહેંચી શક્તા નથી, અને જીરવી પણ શક્તા નથી. બન્નેમાં આપણે ઉભરાઇ જઇએ છીએ.

## ઈશ્વર

ઈશ્વરે પૃથ્વી બનાવી, માણસે પૈસા
ઈશ્વરે પ્રકૃતિ બનાવી, માણસે સંસ્કૃતિ
ઈશ્વરે ભૂગોળ બનાવી, માણસે ઈતિહાસ
ઈશ્વરે રણ બનાવ્યું, માણસે રણાંગણ
ઈશ્વરે પથ્થર બનાવ્યા, માણસે મૂર્તિ
ઈશ્વરે પાણી બનાવ્યું, માણસે શરબત
ઈશ્વરે અવાજ બનાવ્યો, માણસે નામ
ઈશ્વરે માટી બનાવી, માણસે રોટી
ઈશ્વરે સુખ બનાવ્યું, માણસે દુઃખ
ઈશ્વરે માણસ બનાવ્યો, માણસે ઈશ્વર

## INTEGRITY

*Have the courage to stay no. Have to courage to face the truth. Do the right things because it is right. These are the magic keys to living your life with integrity".*

*It is not we eat but what we digest that makes us strong, not what we gain but what we save that makes us rich;*

*Not what we read but what we remember, that makes us learned, not what we probess but what we practise that gives us intergrity'.*

*"Integrity is not a conditional word. It doesn't blow in the wind or with the weather. It is inner your image or yourself, and if you look in there and see a mon he won't cheat, then you know he never will.*

## ક્યારે ઉજવશું આપણે પરિવાર દિન

### સ્વપરિવાર દિન ૨૦૧૦

આજના યુગમાં આપણે કેટકેટલા દિવસો ઉજવતા હોઇએ છીએ. જેવા કે વેલેન્ટાઇન ડે, મધર્સ ડે, ચિલ્ડ્રન્સ ડે, વગેરે વગેરે... તો ચાલો આજના ૨૦૧૦ના ઊઘડતા નવા વર્ષે આપણે એક નવો ડે ઉમેરીએ 'સ્વપરિવાર દિન' અને એક નિશ્ચિત દિવસે આપણે પરિવારના સૌ ભેગા મળીએ.

આજના આ કોમ્પ્યુટર યુગમાં પરિવારની વ્યાખ્યા એટલે પતિ–પત્નિ અને પોતાના બાળકો જ... આમાં દાદા–દાદી, મોટા બા–બાપુજી, કાકા–કાકી, ફોઈ–ફુઆ, મામા–મામી, માસા–માસી, નાના–નાની, વગેરે

વગેરે... પરિવારો વધતા ઓછા અંશે દૂર થતાં ગયા છે. શું આ બધા સાથે આત્મિયતા સાધવા એવો નિયમ કરી 'સહ પરિવાર દિન' ન ઊજવી શકાય ?

કાકા-બાપાના ભાઈઓ અને તેમના છોકરા એટલે તમારા લોહીના સંબંધ ધરાવનારો વંશવેલો. આ વંશવેલાનું વૃક્ષ પ્રેમના સિંચનથી ફૂલીફાલી ઘટાદાર બની શીતળ છાંયડો આપે છે. વડીલો પર આખા કુટુંબની જવાબદારીઓ હોય છે. આથી તેઓ વ્યવહાર કુશળ હોઈ અને નાના-મોટાને સમાન ન્યાયથી રાખે છે. સંબંધો જાળવવાની આ એક કલા છે. ઘણાં લોકો દરેક માનવી સાથે સારા સંબંધો નિભાવી જાણે છે અને લોકો સાથેના સંબંધોની મહેક તેમના જીવનને શોભાસ્પદ બનાવે છે. ઘણીવાર પૈસા આપીને પણ ધારેલું કામ કરાવી શકતા નથી તે જે હેતના બે શબ્દો બોલીને કામ કરાવી જાણે છે. અને તેથી જ આવી વ્યક્તિઓ પોતાના વ્યવહારમાં હંમેશા બીજાના દિલમાં ધબકારા આપ્યા વિના રહેતા નથી.

માનવ સંબંધો ગતિશિલ છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ કુટુંબીજનો સાથેનો નાતો હુંફાળો અને ત્રશ્રણાનુંબંધ હોય છે. મનુષ્ય એક સામાજીક પ્રાણી છે એટલે સંબંધો વગરનું જીવન કલ્પી જ ન શકાય. બધા જ સંબંધો ક્યારેક મેઘધનુષી એવા ભાવભર્યા કે ક્યારેક જીવનને ઘડતર કરનારા હોય છે.

આજથી ૫૦-૬૦ વર્ષો પહેલાં કાકા-બાપાના ભાઈ-ભાંડુળાઓ અને તેના પરિવારો એક સંયુક્ત કુટુંબમાં એવી રીતે રહેતા કે કોણ કોના સંતાન કે ભાઈ-બહેન છે એ બહારથી આવેલા મહેમાનો વિચારમાં પડી જતાં ! અરે ! બધાઓ વચ્ચે પ્રેમની એવી ગાંઠ બંધાયેલી રહેતી કે એકાબીજાની રાહ જોયા વિના ખાવા-પીવાનું તો ઠીક પણ પથારીએ પણ જતા નહી. પરિવારના સભ્યોની અનુકુળતા જોતાં વ્યક્તિને પોતાના ઘર માટે નિજત્વ એટલે 'મારૂં ઘર' અને પોતાનો પરિવાર તો ખરો જ પણ સગાં સંબંધી માટે આત્મીય ભાવ હતો. અને એટલે જ બધાં વાર-તહેવારોની કે કોઈ સારા પ્રસંગોની રાહ જોઈને બેઠતા. પોતાના પરિવાર સાથે અદમ્ય ઉત્સાહથી સગા-સ્નેહીઓને પોતાના ઘરે આમંત્રતા સાથે સાથે કોને શું ગમે છે અને શું ભાવે છે તેનો ખ્યાલ રાખીને જ જાત જાતની વાનગી બનાવતા અને માનથી આગ્રહ કરી પીરસતા.

આજે પિરસતી વખતે ભઈ 'મને આગ્રહ કરતા ન આવડે કોઈને ફાવે ન ફાવે કે તબીયત બગડે તે સારૂં નહી' કહી લાગણીશુન્ય બની જાય છે.

આજે પ્રસંગોપાત બધા મળવાનું નક્કી જરૂર કરે છે, પણ ઘરમાં નહીં બહાર હોટલમાં ઊજવી બારોબાર જ પતાવી નાખે છે. ઘણાં એવા તહેવારો છે જે ઊજવવાના હોય અને બધા ભેગા થવાના છે એ બહાને ઘરને પણ સ્વચ્છ કરાય થોડું ડેકોરેશન થાય અને ઘરનાં નાનાં મોટાં સૌ સામેલ થાય. બાળકો કિલ્લોલ કરતાં હોય, ધીમું સંગીત હવામાં લહેરાતુ હોય નાના-મોટા સૌ ઉત્સાહથી આવનારાઓની રાહ જોતા હોય, વેવાઈવેલા સૌ હોંશે હોંશે આવતા હોય તેવો કુંભમેળો મળે ત્યારે સ્વર્ગલોકથી પર એવું જાણે 'પરિવાર સદન' બની જાય. કેવો અદ્ભુત માહોલ અને જેમ જેમ કુટુંબીઓ આવતા જાય તેમ તેમ જલસાનો માહોલ ગોઠવાતો જાય. એમાં જો આસોપાલવ અને ગલગોટાના તોરણ્યા બાધ્યા હોય તો વળી તેની મહેક પરિવારની સમેલનને આહલાદક બનાવે ! મુંબઈ શહેરમાં જગ્યાના અભાવે કે જગ્યા હોય તોય ઘરમાં ઘરમાં કડાકૂટ કરવી ગમતી નથી એટલે બધું બારોબાર હાયહુસ કરી પતાવી દે, કારણકે હોટલમાં પાછળ લાઈન લાગી હોય. અને મળ્યા ન મળ્યા નીકળી જાય કે એક ફોર્માલિટી પૂરી થાય.

સંબંધો બાંધવા સહેલા છે, પણ નીભાવવા અઘરા છે. સંબંધો નિભાવવા પરસ્પર હોંશ હોવી કે પોતાની જાતને બીજાનામાં ઓગળી નાંખવી કે દૂધમાં સાકરની જેમ ઓગાળવી એ વધારે અગત્યની છે અને ત્યારે જ સંબંધો જળવાઈ રહે છે અને આત્મિયતા કેળવી મનદુઃખ થયા હોય તો ભૂલી જવાના હોય છે. પરિવારના સભ્યો એકાબીજા સાથે લોહીની સગાઈના તાંતણે ગુંથાયેલા હોય છે અને એકાબીજા માટે ફરજો બજાવવાની હોય છે. ઘણાં લોકો કહેવાતા મિત્રો સાથે તાદાત્મ્ય રાખે છે.

બાળક જન્મે ત્યારથી જ લોહીના સંબંધો નક્કી થઈ ગયા હોય છે. બાળક મોટું થતાં આપણે એને કોઈ દુકાનદારને કે રેલ્વેના ડબ્બામાં બેઠેલાં કોઈ ત્રાહિતને કે પાડોશીઓને સંબંધોનાં ત્રાજવે જોખી અન્કલ–આન્ટી કહેતાં શિખવાડયે છીએ બરાબરને ? તો પછી આપણી લોહીની સગાઈ સાથે બાંધેલાંને કાકા, કાકી, મામા, મામી, માસા, માસી, ફોઈ, ફુવા વગેરે સંબોધતાં કેમ ન શીખવાડી શકાય ? આવા સંબંધોમાં એક મીઠાશ અને નિજીપણાંની હૂંફ સાથે મૃદુતા મળે છે. અને હ્રદયની ભાવના ખીલી ઊઠે છે. ગુજરાતીમાં એક કહેવત જાણીતી છે ‘ડાંગે માર્યા પાણી કદી છૂટાં ન પડે’ આમ, ‘સ્વપરિવાર દિન’ એ બધા ઉત્સવમાં એક અનોખું પર્વ છે જે પરિવારને એક તાતણે બાંધે છે. તો ચાલો, આપણે એવી ઊર્જા ઉત્પન્ન કરીયે કે પરિવારના પરતને તે દૂર કરે. અને ૨૦૧૦ના વર્ષે ‘પરિવાર દિન’ નક્કી કરી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોને ગૌરંવવંતા કરીએ...

*વિવિધા સમાપ્ત...*

**DONATE EYES - LIVE TWICE**

**રત્નગીરી, દેવગઢના**
**પ્રખ્યાત**
**આફૂસ આમ**
**અહિંયા મળશે.**
**દિલીપ મોમાયા**
**ફોન. ૯૮૪૯૯ ૨૯૬૦૦, ૯૨૪૬૧ ૦૫૫૭૫.**
(જા. ખ. .....)



શુભ　　॥ અનંત ચૌવિશી જીનહ નમો ॥　　લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

## (માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

સંલાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫.

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા હોય છે. નકરો વ્યક્તી દિઠ ફક્ત રૂા. ૫૦/- છે તથા સંઘપતિનો નકરો રૂા. ૫૧૦૦/- છે. ડિસેબર ૨૦૧૦ સુધી સંગપતીઓ નોંધાયલા છે. જાન્યુઆરી ૨૦૧૧ થી "કાયમી સંઘપતિ યોજના' કાર્યાન્વીત થશે. સપ્ટેમ્બર માસ માટે **માસ્ટર ભવ્ય ભુપેન્દ્ર ગાલા, મુંબઇ** તથા નવેમ્બર માસ માટે **શ્રી કાન્તીલાલજી બાગરેચા**ની ઓફર આવેલ છે. યોજના મર્યાદીત હોવાના કારણે વેલી તકે તક ઝડપી લેવા શ્રી સંઘ ભલામણ છે.

આ આત્રાનો લાભ જૈન-જૈનેતર પણ લે છે તથા જૈન ધર્મની અનુમોદના થાય છે. બહાર ગામથી આવનાર યાત્રીકો માટે તો આ વ્યવસ્થા ઘણીજ ઉપયોગી સાબીત થઈ છે. યાત્રામાં જોડાવવા સર્વેનું ભાવભર્યું આમંત્રણ છે. વ્યવસ્થીત રીતે કાર્યક્રમ સુનિશ્ચીત કરી આઠ દિવસ અગાઉ બસની ટીકીટ લઈ લેવાથી છેલ્લા સમયની નિરાશા ટાળી શકાય અને વ્યવસ્થાપકો ને પણ સુંદર વ્યવસ્થા માટે સહકાર મળે.

યાત્રા દરમ્યાન થનાર ધાર્મિક અનુષ્ઠાન તથા સેવાના કાર્ય માટે પણ પહેલા થી જાણ કરવામાં આવે તો સંઘ તરફથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

ધાર્મિક અનુષ્ઠાન સાથે થનાર સેવાના કાર્યો યાત્રાળુઓનું આકર્ષણનું કેન્દ્રબીંદુ બની ગયો છે.

નાની-મોટી વિવિધ યાત્રાઓનું આયોજન એ શ્રી સંઘનું લક્ષ્ય છે. એના સંદર્ભમાં ૧૪ માર્ચ ૨૦૧૦ના શ્રી નવગ્રહ મંદિરના યાત્રાનો આયોજન કરેલ છે.

સાલ ૨૦૧૦માં ગરીબ ભોજન માટે નીચે મુજબ અનુદાન મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧) એક સદ્‌ગૃહસ્થ પરિવાર | - | રૂા. ૯૦૦/- |
| ૨) માતુશ્રી રતનબેન કેશવજી છેડા | - | રૂા. ૮૦૦/- |
| ૩) શ્રી જયવન્તભાઈ | - | રૂા. ૫૦૦/- |
| ૪) શ્રી મહેન્દ્ર પ્રેમજી ગડા | - | રૂા. ૧૦૦૦/- |
| ૫) શ્રી ઠાકરશી ઘેલાભાઈ નાગડા, કચ્છ બીદડા, હાલ ઘાટકોપર | - | રૂા. ૫૦૦/- |

(પ્રાણી મિત્ર રમેશ જાગીરદારના જન્મ જયન્તી નિમિત્તે)

સર્વે દાતાઓની ભુરી ભુરી અનુમોદના...

(જા.ખ. F-2190)

વિજ્ઞાપન સૌજન્ય : **મુમુક્ષુ પરિવાર માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ. હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા**

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર



(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.

Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- ✪ યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- ✪ અત્યાર સુધી **૩,૦૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- ✪ છેલ્લા ૩૦ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- ✪ પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- ✪ અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ✪ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- ✪ સવારના ૪.૩૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- ✪ **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- ✪ કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- ✪ મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- ✪ **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- ✪ અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૫) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગાના નવા કલાસ દર મહિનાના ત્રીજા સોમવાર શરૂ થશે.

**અદભૂત - અકસીર-અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

### સંપૂર્ણ આરોગ્યામૃતમ્
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

### સૌંદર્યામૃતમ્
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

### ઉદરામૃતમ્
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

### દંતામૃતમ્
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

### કેશામૃતમ્
સુંદર-લાંબા, દઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

### અમૃત તૈલમ્
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

### ચ્યવન પ્રાશાવલેહ
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, કાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

### મનસામૃતમ્
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

### સંપૂર્ણ શ્વાસનામૃતમ્
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

**નિર્માતા : બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

---

**મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસકાઉંટ આપવામાં આવશે.**

**સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦**

**દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.** (જા.ખ. F-1160)